ફોજદારી કેસ નં.૧૮૨૧/૨૦૧૮

## અમદાવાદ (રુરલ)ના ત્રીજા એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.મીરઝાપુર, અમદાવાદ.

**આંક** –૧૬

ફરીયાદી : શ્રી સ ર કા ર

વિ રૂ ધ્ધ.

આરોપીઓ : ૧) ઉમરભાઈ યુસુફભાઈ ઘાંચી,
૨) ઈબ્રાહીમભાઈ અબ્બાસભાઈ ઘાંચી,
૩) અબ્દુલજબાર કાદરભાઈ પટેલ,
૪) ઈકબાલહુસેન ઉસ્માનગની શેખ,
૫) અબ્દુલમુનાફ મુસ્તુફભાઈ સાલાર,
૬) મહમંદયાસીન યાકુબભાઈ પટેલ,
૭) ઈમ્તીયાઝખાન રહેમાનખાન પઠાણ,
૮) મુસ્તાકઅહેમદ મહમંદયુસુફ મંડલી (શેખ).

**ગુનો : જુગારધારાની કલમ – 4, 5 મુજબ.**

**–: ચૂકા દો : –**

૧. ફરીયાદપક્ષના કેસની ટુંકમાંહકીકત એવી છે કે,આ કામના આરોપીઓએ દર્શાવેલ જાહેરમાં/ ગેમ્બલીંગ હાઉસમાં જુગાર સટ્ટો રમી પકડાઈ જઈ ગુનો કર્યાનો આક્ષેપ છે. જે મુજબ આરોપીઓ સામે હાલનુ ચાર્જશીટ કરેલ છે.

૨. આરોપીઓ સામે ચાર્જશીટ ફાઈલ થતાં આરોપીઓ ને સમન્સ કરેલ છે, જે અન્વયે આરોપીઓ હાજર થતાં આરોપીઓ એ સ્વેચ્છાએ ગુનાની કબુલાત કરેલ છે અને તે અંગે કબુલાત પુરસીસ રજૂ કરેલ છે તેમજ મુદ્દામાલ કલેમ કરતા નથી તે અંગેની પુરસીસ પણ રજુ કરેલ છે.

૩. આરોપીઓએ રજુ કરેલ કબુલાત પુરશીષ, આરોપીઓની આર્થિક તેમજ સમાજીક સ્થિતિ તથા સદર આરોપીઓએ કરેલ ગુનો અને તે ગુનામાં કરવામાં આવેલ સજાની જોગવાઈઓ વિગેરેને ધ્યાને લેતા તથા નામદાર ગુજરાત હાઈકોર્ટના સ્ટેટ ઓફ ગુજરાત વિ. નટવરજિ ઠાકોર ૨૦૦૫(૧) જિ. એલ. આર. પાના નંબર ૭૦૯ વાળા ચુકાદામાં જણાવ્યા મુજબ જો ખાસ સંજોગો હોય તો કાયદામાં જણાવેલ ઓછામાં ઓછી સજા કરતા પણ ઓછી

સજા કોર્ટ કરી શકે જે સિધ્ધાંતને ધ્યાને રાખતાં સદરહું આરોપીઓને જો એક સુધરવાની તક આપવામાં આવે અને તેને યોગ્ય દંડ કરવામાં આવે તો ન્યાયનો હેતું જળવાશે તેમ માની નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**– : આ ખ રી હુ ક મ : –**

આ કામના આરોપીઓને ક્રિ. પ્રો. કોડની કલમ રપર અન્વયે **જુગારધારાની કલમ – 4, 5 મુજબ** ના ગુનામાં તકસીરવાન ઠરાવી દરેક આરોપીને રૂા.પ૦૦/– (અંકે પાંચસો પુરા) **(પ૦૦ X ૮ આરોપી = ૪,૦૦૦)** (અંકે રૂપિયા ચાર હજાર પુરા) નો દંડ અને જો આરોપી દંડ ન ભરે તો દિન – ૭ ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

મુદ્દામાલ રોકડ રકમ સરકાર ખાલસા કરવાનો હુકમ કરવામાં આવે છે. જો મુદ્દામાલ કોર્ટમાં જમા ન હોય તો પોલીસ સ્ટેશનમાં સત્વરે યાદી કરી તે રકમ કોર્ટમાં જમા કરાવવાનો હુકમ કરવામાં આવે છે. બાકીનો મુદ્દામાલ જેવો કે ગંજી પત્તાના પત્તા, પાથરણુ, નોટબુક, પેન વિગેરે બિનકિંમતી મુદ્દામાલ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે. મુદ્દામાલ મોબાઈલ/લેપ ટોપ/ ઈલેકટ્રોનીક ગેઝેટ/વાહન આરોપીએ વચગાળાના હુકમે છોડાવેલ હોય તો તે આખરી રાખવામાં આવે છે. જો આરોપીએ છોડાવેલ ન હોય તો જે તે **પોલીસ સ્ટેશનના પી.આઈ. શ્રીએ જાહેર હરાજી કરી તે ઉપજેલ રકમ સરકાર જમા કરવી અને તે ચલણની એક નકલ અત્રેની કોર્ટમાં જમા કરવી.**

ઉપરોકત ચુકાદો આજ રોજ સ્પે. સીટીંગમાં જાહેર કર્યો.

તા. ૦૯/૦૯/૨૦૨૩
સ્થળઃ અમદાવાદ.

**(આર. એ. ઝાલા)**
**ત્રીજા એડી.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ**
**અમદાવાદ (ગ્રામ્ય)**
**Judge Code.GJ-00938**

જી.એસ. મકવાણા (પી.એ.)